# પરીક્ષામાં નાપાસ થનાર મગોડીની વિદ્યાર્થિની કેનાલમાં કૂદવા ગઈ !!

## સિક્યુરીટી જવાનની સમયસુચકતા : પકડીને પોલીસને સોંપી

ગાંધીનગર, તા. ૨૪

ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં નાપાસ જાહેર થયેલી મગોડીની વિદ્યાર્થિનીએ નાસીપાસ થઈ આજે બપોરે લિંબડીના કેનાલમાં જંપલાવવાનો પ્રયાસ કર્યો હતો. સિક્યુરીટીએ સમયસુચકતા દાખવી વિદ્યાર્થિનીનો જીવ બચાવી લીધો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે જાહેર થયેલા ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામના અંતે જિલ્લાના મગોડી ગામમાં રહેતી વિદ્યાર્થિની નાપાસ થતા તેને લાગી આવ્યું હતું. પરીક્ષામાં નિષ્ફળતા મળતા તેણી નાસીપાસ થઈ લિંબડીના કેનાલ પાસે પહોંચી હતી. આ વેળાએ કેનાલમાં છલાંગ લગાવવા જતી કિશોરી પર સ્થળ પર ફરજ બજાવવા સિક્યુરીટી જવાન પ્રવિણ કાનાજી ઠાકોરની નજર પડી હતી. સિક્યુરીટી જવાને વિદ્યાર્થીનીને સમજાવી વલાદ આઉટપોસ્ટ ખાતે પોલીસને સોંપી દીધી હતી. આ મામલે ડભોડા પોલીસે મગોડીની આ કીશોરીના માતા-પિતાનો સંપર્ક કરી યોગ્ય કાર્યવાહી બાદ તેણીને તેના માતા-પિતાને સોંપી દીધી હતી. કેનાલ વિસ્તારમાં ફરજ બજાવતા સિક્યુરીટી જવાનની સમયસૂચકતાના લીધે હતાશ થયેલી વિદ્યાર્થિનીનો જીવ બચી ગયો હતો.

# જન ચેતના મંચ ગાંધીનગર જિલ્લા એકમની ૨૭મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

જન ચેતના મંચના જનરલ સેક્રેટરી ભરતસિંહ ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, જન ચેતના મંચ-નવી દિલ્હી ગાંધીનગર જિલ્લા એકમની બેઠક તા. ૨૭મી મે-૨૦૧૨ને રવિવારે સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

જન ચેતના મંચ-નવી દિલ્હી ગાંધીનગર જિલ્લા એકમ અંતર્ગત તા. ૨૭મી મે-૨૦૧૨ના રોજ સાંજના ૪.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાજ્યનાં અનુ. જાતિ, અનુ જનજાતિ તેમજ પછાત વર્ગોના આર્થિક, સામાજીક તેમજ શૈક્ષણિક વિકાસના મુદ્દે જિલ્લાના વંચિત સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓની સંયુક્ત બેઠક યોજાશે.

અગાઉ તા. ૨૩ એપ્રિલ-૨૦૧૨ના રોજ સરકારને પાઠવેલા આવેદનપત્રના સંદર્ભમાં અધ્યક્ષ, રાષ્ટ્રિય અનુ. જાતિ, આયોગ નવી દિલ્હી, તરફથી જન ચેતના મંચ-ગુજરાત એકમ દ્વારા ઉપસ્થિત કરેલા જટીલ મુદ્દાઓ અન્વયે ગુજરાત સરકાર તરફથી લેવાયેલા નક્કર પગલાઓ બાબતે સત્ય હકિકતો અને સચોટ માહિતીઓની જાણ કરવા તાકીદ કરી છે. સમગ્ર કાર્યવાહીની સમીક્ષા તેમજ રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રતિક ધરણા જેવા ભાવિ કાર્યક્રમો નક્કી કરવા સંયુક્ત બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં રાજ્યના અનુ. જાતિ તેમજ અન્ય પછાતવર્ગોના વિકાસ અને જન જાગૃતિ અભિયાનમાં રસ ધરાવતી તમામ આમ જનતાને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. તેમજ આ અંગે વધુ જાણકારી માટે ગુજરાત એકમના જન. સેક્રેટરીના મો. નં. ૯૪૨૮૮૦૭૦૮૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## સામાન્ય પ્રવાહનું પરિણામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૫૫.૬૯ ટકા આવ્યું છે જે ૧૫ ટકા જેટલો ઘટાડો સૂચવે છે.

ગાંધીનગર જિલ્લાનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૦૧૧માં ૭૦.૦૬ ટકા હતુ. જ્યારે આ વર્ષે ઘટીને તે ૫૫.૬૯ ટકા નોંધાયું છે. આ નિરાશાજનક પરિણામમાં જિલ્લાનો એક પણ વિદ્યાર્થી એ ગ્રેડ મેળવવામાં સફળ થયો નથી. જેને લઈ વાલીવર્ગમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં ૧૨,૧૭૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૬૧ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. બી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૫૩૭ છે જ્યારે બી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૮૦ છે.

જિલ્લામાં સી-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૨૯ છે જ્યારે સી-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૬૨ છે. ૫૦૭૪ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે.

સૌથી વધુ વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં નાપાસ જાહેર થયા છે. જિલ્લાનું આટલુ નિમ્ન પરિણામ આવતાં જિલ્લાના કથળતા જતા શિક્ષકોને લઈ વાલીઓમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

સમગ્ર રાજ્યમાં છેલ્લેથી બીજા ક્રમે જિલ્લાનું પરિણામ આવ્યું છે. સૌથી ઓછુ પરિણામ નર્મદા જિલ્લાનું ૫૧.૧૦ ટકા આવ્યું છે. આ પછી ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૫૫.૬૯ ટકા આવ્યું છે. આમ રાજ્યમાં તે ૨૭મા ક્રમે આવ્યો છે.

જિલ્લામાં આવેલા ૮ કેન્દ્રોનું પરિણામ પણ નિરાશાજનક આવ્યું છે. દહેગામ કેન્દ્રનું પરિણામ ૫૬.૧૯ ટકા, ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ૫૬.૦૬ ટકા, ચાંદખેડાનું ૭૧.૫૩ ટકા, ચંદ્રાલાનું પરિણામ ૪૦.૨૦ ટકા, છાલાનું પરિણામ ૬૩.૭૭ ટકા, કલોલનું પરિણામ ૬૦.૬૨ ટકા, માણસા કેન્દ્રનું પરિણામ ૪૩.૭૫ ટકા, પિલવાઈનું ૫૫.૬૨ ટકા પરિણામ આવ્યું છે.

આ વખતે પ્રશ્નપત્રો પ્રમાણમાં સરળ રહ્યા હોવા છતાં પણ આવેલા આ નીચા પરિણામે શૈક્ષણિક જગતમાં સન્નાટો ફેલાવી દીધો છે. જિલ્લામાં એ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થી ન હોવાથી નિરાશાનું મોજુ વધુ ઉગ્ર બન્યું છે.

સમગ્ર રાજ્યના પરિણામમાં ગતવર્ષની તુલનામાં ૮ ટકાથી પણ વધુ ઘટાડો નોંધાયો છે જ્યારે જિલ્લાના પરિણામમાં ૧૫ ટકા જેટલો ભારે ઘટાડો નોંધાયો છે. ગાંધીનગર જિલ્લામાં પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૨૨૧ છે જે રાજ્યમાં પાસ થનાર જિલ્લાવાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૯મા ક્રમે આવે છે. જ્યારે પરિણામમાં તે ૨૭મા ક્રમે છે.

# ગેસ જોડાણ નહીં ધરાવતા કુટુંબોને કેરોસીનની વ્યક્તિદીઠ ફાળવણીમાં વધારો કરાયો

ગાંધીનગર, તા. ૨૪

રાજ્ય સરકારે ગેસ જોડાણ નહીં ધરાવતા કુટુંબોને કેરોસીન વિતરણની સમગ્ર વ્યવસ્થામાં પારદર્શિતા લાવી કેરોસીનની વ્યક્તિ દીઠ ફાળવણીમાં વધારો કરી જનકલ્યાણકારી અભિગમ અપનાવ્યો છે. રાજ્ય સરકારે કેરોસીન વિતરણના ધોરણને સુધારી ફરીથી વ્યક્તિ દીઠ બે લીટર (વધુમાં વધુ ૧૦ લીટર) ફાળવણીનું ધોરણ મે-૨૦૧૨થી અમલી બનાવ્યું છે એમ અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકારે નોન ગેસ કાર્ડ દીઠ ૧.૫ લીટર પ્રતિ વ્યક્તિની સામે ૨ લીટર પ્રતિ વ્યક્તિ કેરોસીન ફાળવવાની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગુજરાત રાજ્યના નોન ગેસ કાર્ડ ધારકોને કુકીંગ અને દીવાબત્તી માટે વર્ષ ૨૦૧૦-૧૧માં વાર્ષિક ૯,૨૦,૫૪૪ કિ.લી.ની ફાળવણી સામે મોટો ઘટાડો કરી વર્ષ ૨૦૧૧-૧૨માં ૬,૭૩,૫૮૪ કિ.લી.ની ફાળવણી કરી હતી. જે ૩૨ ટકા જેટલો કાપ સૂચવે છે. જેના પરિણામે રાજ્ય સરકારે જૂન-૨૦૧૧થી ગેસ જોડાણ નહીં ધરાવતા ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોને આપવામાં આવતો વ્યક્તિ દીઠ ૨ લીટર અને વધુમાં વધુ ૧૨ લીટર કેરોસીનના જથ્થામાં ઘટાડો કરી વ્યક્તિ દીઠ ૧.૫ લીટર અને વધુમાં વધુ ૯ લીટર વિતરણ કરવાનું ધોરણ અપનાવ્યું હતું.

## ફરિયાદ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેશુભાઈના બંગલે લોકોની ચહલપહલ વધી ગઈ છે ત્યારે પાર્ટીને ૨૦૦૭ પહેલાંની સ્થિતિ દેખાઈ રહી છે.

૨૦૦૭ની ચૂંટણી પહેલાં પાર્ટીએ કેશુભાઈને એવી ચેતવણી આપી હતી કે મોદી સામે શરૂ કરેલી મુહિમ બંધ નહીં કરો તો તમારે પાર્ટી છોડવી પડશે. એ સમયે મોદીએ ગુજરાતની પરિસ્થિતિથી હાઈકમાન્ડને વાકેફ કર્યું હતું તેમ ૨૦૧૨માં ફરીથી શરૂ થયેલી મુહિમ અંગે તેઓ હાઈકમાન્ડને ફરિયાદ કરે તેમ મનાય છે. બેઠકમાં હાજરી આપવા ગયેલા મોદીની પહેલી માગણી કેશુભાઈ પટેલને અસંતુષ્ટ પ્રવૃત્તિઓ કરતા રોકવાની હશે.

## શક્તિશાળી નેતાને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કથિત સીડી પ્રકરણમાં બદનામ થયેલા પણ પાછળથી નિર્દોષ જાહેર થયેલા સંજય જોષીને પાર્ટી પ્રેસિડેન્ટ નિતીન ગડકરીએ પાર્ટીમાં પાછા લીધા હતા અને ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપી હતી. સંજય જોષીની વાપસીને કારણે નરેન્દ્ર મોદી પાર્ટીથી નારાજ હતા તેથી તેઓ ઉત્તરપ્રદેશના ચૂટણી પ્રવાસે ગયા ન હતા. પાર્ટીની બેઠકોમાં પણ હાજર રહેતા ન હતા. મુંબઈમાં શરૂ થયેલી પાર્ટીની રાષ્ટ્રીય એક્ઝિક્યુટીવની બેઠકમાં જવાની જગ્યાએ મોદી ઉદેપુરના એક કાર્યક્રમમાં જતા રહેતા વિવાદોથી ઉઠીને સંજય જોષીએ પાર્ટીને તેમનું રાજીનામું ધરી દીધું છે.

## અંગારા વરસી રહ્યા છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન શકો. ટાઈલ્સ કે લાદી પર તો પગ જ ન મુકી શકાય એવી તવા જેવી ગરમ થઈ જાય છે. સવારથી જ ઘરના બારી બારણા બંધ રાખવા પડે છે. બપોરે તો કાળઝાળ ગરમીથી મનુષ્યોની હાલત ખરાબ થાય છે તો પશુ પંખીઓની શું હાલત થતી હશે તેની તો કલ્પના જ કરી શકાતી નથી.

બપોરની ગરમી અને લૂ થી બચવા માટે વસાહતીઓ ઘરના બારી બારણાં બંધ કરી દે છે. બારી બારણાં જરાક ખુલ્લા હોય તો ગરમ લૂ છેક ઘરમાં આવે છે. ઘર બંધ હોય તો પણ ગરમીથી રાહત મળતી નથી. પંખા તો જરાય અસર કરતા ન હોવાથી પરસેવે રેબઝેબ થઈ દિવસ વિતાવવો પડે છે. રાત્રે પણ ખૂબ ગરમી પડતી હોવાથી વસાહતીઓ મોડી રાત સુધી જાગતા રહે છે. છેક એક વાગ્યા સુધી માર્ગો પર વસાહતીઓની અવરજવર રહ્યા કરે છે. એ.સી. અને કુલર આખી રાત ચલાવવા પડે છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી હવે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ગુરૂવારે તો મહત્તમ તાપમાન ૪૧.૫ અને લઘુત્તમ તાપમાન ૨૮.૦૫ પર પહોંચી જતાં શહેરમાં જાણે સ્વયંભૂ કરફયુ લદાયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી. માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી થઈ જતાં માર્ગો પણ સાવ સુમસામ બની ગયા હતાં.

# સમાચાર ઝલક

- ભારતીય જનતાપાર્ટીના કારોબારીમાંથી શ્રી સંજય જોષીનું રાજીનામું.
- મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી મહારાણા પ્રતાપ જન્મજયંતિની ઉજવણી ઉદેપુરમાં જનસભાને સંબોધીને કરશે.
- ૩૧મી મેના રોજ એન.ડી.એ. દ્વારા ભારત બંધનું એલાન : પેટ્રોલનાં ભાવ વધારાના વિરોધમાં.
- અલ્હાબાદમાં બોમ્બ વિસ્ફોટ : ૬નાં મોત.
- ગંગા નદીમાં બસ પલ્ટી જતાં ૨૬નાં કરૂણ મોત : બદ્રીનાથ શ્રધ્ધાળુ ભોગ બન્યા.
- ટી.વી.રીમોટ કંટ્રોલના શોધક યુમીન પોલીનું નિધન.
- બિહારના લોકપ્રિય મુખ્યમંત્રી નિતિશકુમારનાં કાફલા પર હુમલો.
- ભારતીયો વાર્ષિક ૮૦૦ મિલિયન કિલો ચા પીવે છે.
- ઓઇલ પામની ખેતી કરી ઓછા ખર્ચે વધુ આવક મેળવતાં ખંભોળજાના શ્રી જયેન્દ્રભાઇ પટેલ.
- ત્રંબોવાડનું પ્રેમીયુગલ ટાવરની ટોચે પહોંચી લગ્નની માંગણી સંતોષવા કુટુંબીજનો જણાવ્યું : શોલેની પ્રેરણા.
- ફિલ્મી અભિનેત્રી પૂનમ પાંડે સામે પોલીસ ફરિયાદ, ધાર્મિક લાગણી દુભાવવા બદલ.
- સાબરકાંઠામાં અકસ્માતોની પરંપરા : ૧૫નાં મોત.
- રાષ્ટ્રીય પક્ષી મોરની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો જાય છે.
- મા ઉમિયાનો જ્યોતિરથ જુલાઇ માસમાં અમેરિકાના વિવિધ રાજ્યોમાં પરિભ્રમણ કરશે.
- રૂપિયાના ધોવાણથી સૂરત, રાજકોટ, અમદાવાદના ઉધોગોની કફોડી દશા.
- રાજકોટના સ્વામિનારયણના સાધુ લંપટલીલાનાં ગુનામાં જામીન મુક્ત થયા.
- ક્રિકેટ બોર્ડની દાદાગીરી : ટીકા સહન ન થતાં કપિલદેવ તથા કીર્તિ આઝાદના ગીફ્ટ ચેક અટકાવ્યા.
- અજમેરમાં ખ્વાઝા સાહેબનો ૮૦૦મો ઉર્સ.
- આજની સલામ : ડ્રાઇવર-કંડકટરે દિયોદર-અમદાવાદ એસ.ટી.માં સોનાના દાગીનાં ભરેલો થેલો પરત કર્યો.

# Gujarat State Petronet Limited

Regd office : GSPC Bhavan, Sector 11, Gandhinagar - 382 010.

**Part I STATEMENT OF AUDITED FINANCIAL RESULTS FOR THE YEAR ENDED 31st MARCH 2012** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results 3 months ended 31.03.2012 (Unaudited) | 31.12.2011 (Unaudited) | 31.03.2011 (Unaudited) | Standalone Year ended 31.03.2012 (Audited) | 31.03.2011 (Audited) | Consolidated Results Year Ended 31.03.2012 (Audited) | 31.03.2011 (Audited) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Income from Operations | | | | | | | |
| | a) Net Sales/Income from Operations | 27,633.50 | 27,387.29 | 25,514.78 | 111,531.20 | 103,910.02 | 111,531.20 | 103,910.02 |
| | b) Other Operating Income | 242.23 | 167.00 | 287.33 | 796.56 | 741.81 | 796.56 | 741.81 |
| | c) Total Income from Operations | 27,875.73 | 27,554.29 | 25,802.11 | 112,327.76 | 104,651.83 | 112,327.76 | 104,651.83 |
| 2 | Expenses | | | | | | | |
| | a) Employee benefit expenses | 443.30 | 470.11 | 426.00 | 1,969.10 | 1,485.94 | 1,969.10 | 1,485.94 |
| | b) Depreciation & amortisation expense | 4,659.51 | 4,601.88 | (1,731.22) | 18,190.37 | 12,992.40 | 18,190.38 | 12,992.40 |
| | c) Operation & Maintenance expense | 1,067.65 | 1,138.37 | 897.51 | 4,442.36 | 3,573.60 | 4,442.36 | 3,573.60 |
| | d) Other expenses | 924.26 | 831.56 | 1,222.00 | 2,939.92 | 2,656.65 | 2,952.09 | 2,656.65 |
| | e) Total expenses | 7,094.72 | 7,041.92 | 814.31 | 27,541.75 | 20,708.59 | 27,553.91 | 20,708.59 |
| 3 | Profit/(Loss) from operations before other income, finance cost and exceptional items (1-2) | 20,781.01 | 20,512.37 | 24,987.80 | 84,786.01 | 83,943.24 | 84,773.85 | 83,943.24 |
| 4 | Other Income | 1,403.38 | 1,577.89 | 680.68 | 5,134.99 | 2,163.42 | 4,886.83 | 1,946.75 |
| 5 | Profit/(Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4) | 22,184.39 | 22,090.26 | 25,668.48 | 89,921.00 | 86,106.66 | 89,660.68 | 85,889.99 |
| 6 | Finance costs | 3,162.03 | 3,250.33 | 2,646.35 | 13,019.48 | 9,907.25 | 13,019.48 | 9,907.25 |
| 7 | Profit/(Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6) | 19,022.36 | 18,839.93 | 23,022.13 | 76,901.52 | 76,199.41 | 76,641.20 | 75,982.74 |
| 8 | Exceptional Items | - | - | - | - | - | | |
| 9 | Profit/(Loss) from ordinary activities before tax (7+8) | 19,022.36 | 18,839.93 | 23,022.13 | 76,901.52 | 76,199.41 | 76,641.20 | 75,982.74 |
| 10 | Tax Expense | 6,096.02 | 6,226.89 | 7,958.49 | 24,695.40 | 25,561.18 | 24,698.64 | 25,561.18 |
| | -Income Tax | 4,272.88 | 4,603.85 | 2,632.18 | 18,664.29 | 13,208.30 | 18,671.29 | 13,208.30 |
| | -Deferred Tax | 1,823.14 | 1,623.04 | 5,326.31 | 6,031.11 | 12,352.88 | 6,027.36 | 12,352.88 |
| 11 | Net Profit /(Loss) from ordinary activities after tax (9-10) | 12,926.34 | 12,613.04 | 15,063.64 | 52,206.12 | 50,638.23 | 51,942.56 | 50,421.56 |
| 12 | Extraordinary Items (net of tax expenses) | - | - | - | - | - | - | - |
| 13 | Net Profit/(Loss) for the period (11-12) | 12,926.34 | 12,613.04 | 15,063.64 | 52,206.12 | 50,638.23 | 51,942.56 | 50,421.56 |
| 14 | Share of profit/(loss) of associates | - | - | - | - | | 2,552.87 | 4,440.61 |
| 15 | Minority interest | - | - | - | - | | | |
| 16 | Net Profit/(Loss) after taxes, minority interest and share of profit/(loss) of associates (13+14+15) | 12,926.34 | 12,613.04 | 15,063.64 | 52,206.12 | 50,638.23 | 54,495.43 | 54,862.17 |
| 17 | Paid-up Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,268.91 | 56,268.11 | 56,258.25 | 56,268.91 | 56,258.25 | 56,268.91 | 56,258.25 |
| 18 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | - | 190,398.90 | 144,399.07 | 199,826.95 | 151,537.81 |
| 19 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | | | | | |
| | a) Basic EPS( Rs.) | 2.30 | 2.24 | 2.68 | 9.28 | 9.00 | 9.69 | 9.75 |
| | b) Diluted EPS( Rs.) | 2.30 | 2.24 | 2.66 | 9.28 | 8.97 | 9.68 | 9.71 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | | | | |
| 19 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | | | | | |
| | a) Basic EPS( Rs.) | 2.30 | 2.24 | 2.68 | 9.28 | 9.00 | 9.69 | 9.75 |
| | b) Diluted EPS( Rs.) | 2.30 | 2.24 | 2.66 | 9.28 | 8.97 | 9.68 | 9.71 |
| | (face value of Rs. 10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | | | | |

**Part II Select Information for the Quarter and Year ended 31.03.2012**

| Sr. No. | Particulars | 3 months ended 31.03.2012 | 31.12.2011 | 31.03.2011 | Year ended 31.03.2012 | 31.03.2011 |
|---|---|---|---|---|---|---|
| A | Particulars of Shareholding | | | | | |
| 1 | Public Shareholding | | | | | |
| | - Number of Shares | 350,383,857 | 350,375,813 | 350,277,198 | 350,383,857 | 350,277,198 |
| | - Percentage of Shareholding | 62.27% | 62.27% | 62.26% | 62.27% | 62.26% |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | | |
| | a) Pledged / Encumbered | | | | | |
| | - Number of shares | Nil | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total shareholding of promoter and promoter group) | Nil | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total share capital of the Company) | Nil | Nil | Nil | Nil | Nil |
| | b) Non - encumbered | | | | | |
| | - Number of shares | 212,305,270 | 212,305,270 | 212,305,270 | 212,305,270 | 212,305,270 |
| | - Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group) | 100.00% | 100.00% | 100.00% | 100.00% | 100.00% |
| | - Percentage of shares (as a % of the total share capital of the company) | 37.73% | 37.73% | 37.74% | 37.73% | 37.74% |

| Sr. No. | Particulars | 3 months ended 31.03.2012 |
|---|---|---|
| B | Investor Complaints | |
| | Pending at the beginning of the quarter | 0 |
| | Received during the quarter | 74 |
| | Disposed of during the quarter | 74 |
| | Remaining unresolved at the end of the quarter | 0 |

**SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE FINANCIAL YEAR ENDED 31st MARCH 2012** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results 3 months ended 31.03.2012 (Unaudited) | 31.12.2011 (Unaudited) | 31.03.2011 (Unaudited) | Standalone Year ended 31.03.2012 (Audited) | 31.03.2011 (Audited) | Consolidated Results Year Ended 31.03.2012 (Audited) | 31.03.2011 (Audited) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Segment Revenue (Net Sales / Income) | | | | | | | |
| | A. Gas Transportation | 27,062.33 | 27,111.85 | 25,274.29 | 108,437.48 | 103,305.92 | 108,437.48 | 103,305.92 |
| | B. Sale of Electricity | 832.92 | 458.54 | 543.54 | 3,968.54 | 1,389.19 | 3,968.54 | 1,389.19 |
| | Total | 27,895.25 | 27,570.39 | 25,817.83 | 112,406.02 | 104,695.11 | 112,406.02 | 104,695.11 |
| | Less: Inter-Segment Revenue | | - | - | - | - | - | - |
| | Sales / Income from Operations | 27,895.25 | 27,570.39 | 25,817.83 | 112,406.02 | 104,695.11 | 112,406.02 | 104,695.11 |
| 2 | Segment Results: | | | | | | | |
| | Profit/(Loss) | | | | | | | |
| | A. Gas Transportation | 22,331.96 | 22,100.80 | 26,956.24 | 89,112.45 | 88,672.22 | 89,112.45 | 88,672.22 |
| | B. Sale of Electricity | (319.94) | (682.46) | (496.85) | (635.50) | (1,531.74) | (635.50) | (1,531.74) |
| | Total | 22,012.02 | 21,418.34 | 26,459.39 | 88,476.95 | 87,140.48 | 88,476.95 | 87,140.48 |
| | Less: (i) Interest & Financial Charges | 3,162.03 | 3,250.33 | 2,646.35 | 13,019.48 | 9,907.25 | 13,019.48 | 9,907.25 |
| | (ii) Other Un-allocable Expenditure | 1,210.69 | 889.99 | 1,455.87 | 3,612.68 | 3,153.96 | 3,624.85 | 3,153.97 |
| | Add: (iii) Other Un-allocable Income | 1,383.06 | 1,561.91 | 664.96 | 5,056.73 | 2,120.14 | 4,808.57 | 1,903.48 |
| | Total Profit before Tax | 19,022.36 | 18,839.93 | 23,022.13 | 76,901.52 | 76,199.41 | 76,641.19 | 75,982.74 |
| 3 | Capital Employed: (Segment Assets Less Segment Liabilities) | | | | | | | |
| | Gas Transportation | 327,326.08 | 321,331.85 | 315,559.75 | 327,326.08 | 315,559.75 | 329,775.67 | 315,559.75 |
| | B. Sale of Electricity | 24,606.19 | 25,096.60 | 25,706.32 | 24,606.19 | 25,706.32 | 24,606.19 | 25,706.32 |
| | C. Un-allocable | 66,756.82 | 69,546.69 | 33,592.06 | 66,756.82 | 33,592.06 | 73,731.51 | 40,730.80 |
| | Total | 418,689.09 | 415,975.14 | 374,858.13 | 418,689.09 | 374,858.13 | 428,113.37 | 381,996.87 |

**STANDALONE AND CONSOLIDATED STATEMENT OF ASSETS AND LIABILITIES** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results As at Year Ended 31.03.2012 (Audited) | Standalone For the Year Ended 31.12.2011 (Audited) | Consolidated Results As at Year Ended 31.03.2012 (Audited) | Consolidated For the Year Ended 31.03.2011 (Audited) |
|---|---|---|---|---|---|
| A | EQUITY AND LIABILITIES | | | | |
| 1 | Shareholders' Funds: | | | | |
| | a) Share Capital | 56,268.91 | 56,258.25 | 56,268.91 | 56,258.25 |
| | b) Reserves & Surplus | 190,398.90 | 144,399.06 | 199,826.95 | 151,537.81 |
| | | 246,667.81 | 200,657.31 | 256,095.86 | 207,796.06 |
| 2 | Share application money pending allotment | - | - | - | - |
| 3 | Minority Interest | - | - | - | - |
| 4 | Non-current liabilities | | | | |
| | a) Long-term borrowings | 109,509.61 | 121,816.44 | 109,509.61 | 121,816.44 |
| | b) Deferred tax liabilities(net) | 32,437.15 | 26,406.04 | 32,433.39 | 26,406.04 |
| | c) Other long-term liabilities | 1,329.03 | 604.18 | 1,329.03 | 604.18 |
| | d) Long-term provisions | 297.91 | 238.63 | 297.91 | 238.63 |
| | | 143,573.70 | 149,065.29 | 143,569.94 | 149,065.29 |
| 5 | Current liabilities | | | | |
| | a) Trade payables | 695.20 | 2,357.74 | 695.20 | 2,357.74 |
| | b) Other current liabilities | 49,333.17 | 52,526.46 | 50,334.33 | 52,526.46 |
| | c) Short-term provisions | 6,594.70 | 6,808.70 | 6,594.70 | 6,808.70 |
| | | 56,623.07 | 61,692.90 | 57,624.23 | 61,692.90 |
| | Total Equity and Liabilities | 446,864.58 | 411,415.50 | 457,290.03 | 418,554.25 |
| B | ASSETS | | | | |
| 1 | Non-current assets | | | | |
| | a) Fixed Assets | 355,844.03 | 351,605.09 | 358,293.98 | 351,605.09 |
| | b) Non-current investments | 11,641.64 | 7,657.50 | 17,052.41 | 14,796.24 |
| | c) Long term loans and advances | 8,470.81 | 9,317.87 | 8,470.81 | 9,317.88 |
| | d) Other non-current assets | 786.02 | 199.37 | 786.02 | 199.37 |
| | | 376,742.50 | 368,779.83 | 384,603.22 | 375,918.58 |
| 2 | Current assets | | | | |
| | a) Inventories | 6,618.37 | 6,226.26 | 6,618.37 | 6,226.26 |
| | b) Trade receivables | 8,143.59 | 6,768.37 | 8,143.59 | 6,768.37 |
| | c) Cash and cash equivalents | 51,476.47 | 23,896.21 | 54,155.67 | 23,896.20 |
| | d) Short-term loans and advances | 2,596.61 | 5,083.03 | 2,597.48 | 5,083.03 |
| | e) Other current assets | 1,287.04 | 661.80 | 1,171.70 | 661.81 |
| | | 70,122.08 | 42,635.67 | 72,686.81 | 42,635.67 |
| | Total Assets | 446,864.58 | 411,415.50 | 457,290.03 | 418,554.25 |

**Notes:**

1. The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the company in their meetings held on 24th May, 2012.
2. Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
3. During the quarter, the Company has alloted 8,044 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2005.
4. The Gas volumes transported is as follows: (in MMSCM)

| Year/period | Qtr 1 | Qtr 2 | Qtr 3 | Qtr 4 | Total |
|---|---|---|---|---|---|
| Financial Year 2011-12 | 3344.80 | 3240.29 | 3015.11 | 2830.11 | 12430.31 |
| Financial Year 2010-11 | 3303.54 | 3249.82 | 3251.18 | 3200.24 | 13004.78 |

5. The Board of Directors of the Company have recommended dividend of Rs. 1 (@10%) per share of Rs. 10/- each on equity shares of the company for the financial year 2011-12, subject to the approval of shareholders in ensuing Annual General Meeting.
6. The consolidated Financial Statements of Gujarat State Petronet Ltd. represent consolidated accounts of it's two subsidiaries i.e. GSPL India Gasnet Limited and GSPL India Transco Limited as per Accounting Standard 21 'Consolidated Financial Statements' and accounting for investment in one associate i.e. GSPC Gas Company Limited as per Accounting Standard 23 'Accounting for investment in associates in consolidated financial statements'.
7. During the quarter, the Company has made equity investment of Rs. 20 crores in GSPL India Gasnet Limited and of Rs. 20 crores in GSPL India Transco Limited.
8. The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable. The figures of last quarter are the balancing figures between audited figures in respect of the full financial year and the published year to date figures up to the third quarter of the respective financial year.

For, Gujarat State Petronet Limited

Place : Gandhinagar
Date : 24th May, 2012

Tapan Ray, IAS
Managing Director